# ગાંધીનગર જિલ્લા કોર્ટ ખાતે ‘સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર’ નું લોકાર્પણ

**સુપ્રિમ કોર્ટના જજશ્રી એમ.આર.શાહ અને ગુજરાત હાઇકોર્ટના ચીફજસ્ટિસ શ્રી વિક્રમનાથના હસ્તે લોકાર્પણ કરાયું : સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રમાં સાક્ષી તરીકે મહિલા અને બાળકો હશે, ત્યારે નિર્ભય અને મુક્ત મને પોતાની જુબાની આપી શકશે : સુપ્રિમ કોર્ટના જજ શ્રી એમ.આર.શાહ**





ગાંધીનગર, તા.૬

હત્યા, બળાત્કાર અને અન્ય ગુનામાં સાક્ષી તરીકે મહિલા અને બાળકો હોય ત્યારે તેઓ નિર્ભય અને મુક્ત મને પોતાની જુબાની આપી શકે, તેવી સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન હેઠળ ગુજરાતના જિલ્લાક કક્ષાની ન્યાયાલયોમાં આ પ્રકારના ' સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર' (વલ્નરેબલ વિટનેશ ડીપોઝીશન સેન્ટર )નું નિર્માણ કરવામાં આવશે. હાલમાં રાજયની પાંચ જિલ્લા ન્યાયાલયોમાં આ પ્રકારના સાક્ષી જુબાની કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે, તેવું આજરોજ સુપ્રિમ કાર્ટ ઓફ ઈન્ડિયાના જજશ્રી એમ.આર.શાહે જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા ન્યાયાલય ખાતે સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર (V.W.D.C) નું નિર્માણ કરવામાં આવ્યું છે. આજરોજ આ કેન્દ્રનું સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જજ શ્રી એમ.આર.શાહ અને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી વિક્રમનાથની ઉપસ્થિતમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જજશ્રી એમ.આર.શાહે વધુમાં જણાવ્યું હતું કે, બળાત્કાર, હત્યા અને અન્ય ગુનામાં મહિલાઓ અને બાળકો સાક્ષી હોય છે, ત્યારે તેઓ પોતાની સાક્ષી તરીકેની જુબાની મુક્ત મને આપી શક્તા નથી, ભય લાગતો હોય તેવું તેમના ચહેરા પર લાગતું હોય છે. પરંતુ સુપ્રિમ કાર્ટે માર્ગદર્શનના આધારે ગુજરાતની તમામ જિલ્લાકક્ષાની ન્યાયાલયોમાં આ પ્રકારનું સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર નું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યારસુધીમાં રાજયમાં સુરત, વડોદરા, ગોધરા, ગાંધીનગર અને અમદાવાદ ખાતે આ પ્રકારના કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. અમદાવાદમાં આ કેન્દ્રનું ટુંક સમયમાં આરંભ થશે, તેવું પણ ઉમર્યુ હતું. આ કેન્દ્રમાં સાક્ષી આપનારને કોર્ટ રૂમનો અનુભવ થતો નથી, જેથી સાક્ષી આપનાર મહિલા અને બાળકો મુકત મને સાક્ષીની ભૂમિકા અદા કરી શકે છે.

સહન કર્યુ છે, તેને ન્યાય પણ મળવો જ જોઈએ તેવું કહી જજશ્રી એમ.આર.શાહે જણાવ્યું હતું કે, ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષના ટુંકા સમયગાળામાં ૫ થી ૬ લાખ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યા છે. લોકોમાં ન્યાયતંત્રમાં રહેલા વિશ્વાસની ફલશ્રૃતિ રૂપે આજે કેસો વધતા જાય છે.

આ પ્રસંગે સુપ્રિમ કાર્ટ ઓફ ઈન્ડિયાના જજશ્રી એમ.આર.શાહ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી વિક્રમનાથ, ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી એસ.આર.બ્રહ્મભટ્ટ, જજ શ્રી આર.એમ.છાયા, ગુજરાત હાઈ કાર્ટ અને ગાંધીનગર જિલ્લાના એડમીનીસ્ટ્રેટીવ જજશ્રી વી.એમ.પાંચોલી અને ગાંધીનગર ડિસ્ટ્રીકટ જજ શ્રી આઈ.જે.વોરા એ બાળ કે મહિલા સાક્ષીની જુબાની લેવાતી વખતે રૂમમાં બાળકને રમકડા, ચોકલેટ તેમજ તેમની સંભાળ રાખતી વ્યકિત માયાળુ ભાવથી પ્રશ્નો પૂછી, સાચી વિગતો કેવી રીતે જાણી શકે છે, તે સમગ્ર કાર્યવાહીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યુ હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કોર્ટના ડી.જી.પી શ્રી હિતેષ રાવલ, એ.પી.પી. સર્વે શ્રી જીગ્નેશ જોષી, સુનિલ પંડયા, પી.ડી.વ્યાસ તથા એ.જી.પી શ્રી વાય.એમ.ઝણસારી અને લાલસિંહ ગોહેલ સહિત ગાંધીનગર જિલ્લા કોર્ટના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



ગાંધીનગર સે. ૨૨ના રંગમંચ ખાતે બંગાળીબંધુઓ દ્વારા દુર્ગાષ્ટમી પર્વની અનેરી ઉજવણી કરવામાં આવી છે. અહિ મા કાલીની મૂર્તિની સ્થાપના કરી ત્રણ દિવસ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન અને પૂજન અર્ચન કરવામાં આવે છે.



નવલી નવરાત્રી નિમિત્તે ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના સધીમાતાજીના મંદિર ચોકમાં બાળકોએ મહાકાળી માતાજીના મંદિર સમા પ્રતિકરૂપે પાવાગઢ ગબ્બર બનાવ્યો છે. અંદાજે ૭ ફૂટ ઊંચા ગબ્બરમાં બાળકોએ માટી ભેગી કરી વિવિધ પાવાગઢ રૂપી ગબ્બરમાં અદ્યતન રસ્તાઓ,પર્યાવરણ વૃક્ષો, પાર્કિંગ વ્યવસ્થા, ફૂટપાથ, નાના રમકડાની ગાડીઓ મુકીને લાઈટીંગની ઝગમગાટ રોશનીથી શણગાર કર્યો છે. નવરાત્રી નિમિત્તે આદ્યશક્તિ જગદંબાની આરતી-પૂજા કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

## ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ખાતે નવરાત્રી મહોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા.૬

ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ, શારદા વિદ્યાલય, શેઠ શ્રી બી.બી. પટેલ ઉચ્ચ. માધ્યમિક શાળા, રાજ પ્રાથમિક સ્કૂલ, સે-૨૫ ગાંધીનગરમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો, શિક્ષકો તથા આચાર્યશ્રી તથા ટ્રસ્ટીશ્રીઓએ ભાગ લીધો હતો. પ્રોગ્રામની શરૂઆત માતાજીની આરતીથી કરવામાં આવી હતી. જેમાં મહેમાન તરીકે ઈસ્કોન મંદિરના સ્વામીશ્રી પધાર્યા હતા. ત્યારબાદ જુદા જુદા શેરી ગરબા ડીજે દ્વારા વગાડવામાં આવ્યા હતા જેમાં શાળા પરિવારના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઝુમી ઉઠયા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

# ગુજરાતની વસતીનું ચોંકાવનારૂં ચિત્ર : ૨૦૨૧માં માત્ર ૬૭,૦૦,૦૦૦ લોકો ૬૦ વર્ષથી ઉપરના હશે

ડિજિટલ ઈન્ડિયામાં વસતી ગણતરી માટે હવે શિક્ષકો કે સરકારી સ્ટાફ પેન, પેપર કે ફોર્મ લઈને નહીં પણ મોબાઈલ ફોન લઈને આવશે અને મોબાઈલ એપના માધ્યમથી વસતી ગણતરી કરવામાં આવશે. સેસન્સ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે

## જરૂરિયાત છે, ઉતાવળ નથીઃ કેબિનેટનો વિસ્તાર નવેમ્બરમાં થાય તેવી સંભાવના

૨૦૧૧ પછી હવે માર્ચ ૨૦૨૧માં વસતી ગણતરી થશે જેમાં દેશભરમાં ૧૨૦૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. વસતી ગણતરીમાં પહેલીવાર પાન નંબર, વોટર આઈડી કાર્ડ નંબર અને આધાર કાર્ડનો નંબર આપવાનો રહેશે. ૨૦૧૧માં જ્યારે વસતી ગણતરી થઈ હતી ત્યારે રાજયમાં ગણતરીકારોની સંખ્યા ૧૦૦૬૩૫ હતી અને ૧૦૦૬૪ ગણતરીકારો અનામત રાખવામાં આવ્યા હતા. ગણતરીના એ અભિયાનમાં કુલ ૧.૨૫ લાખનો સ્ટાફ રોકાયેલો હતો પરંતુ હવે આ સ્ટાફની સંખ્યા ૧.૫૦ લાખ થાય તેવી સંભાવના છે. ૨૦૧૧માં થયેલી ગણતરી પ્રમાણે રાજ્યમાં કુલ વસતી ૬.૦૪ કરોડ હતી. સેન્સસ અધિકારીના જણાવ્યા પ્રમાણે પોપ્યુલેશન પ્રોજક્શનના આંકડા પ્રમાણે જ્યારે વસતી ગણતરી થશે ત્યારે વસતિનું પ્રમાણ ૬.૭૨ કરોડ થવાની ધારણા છે. ૨૦૨૧માં શૂન્ય થી ૧૯ વર્ષની વસતી વધીને ૨.૨૩ કરોડ (૩૩.૨) થઈ હશે. એવી જ રીતે ૨૦ થી ૫૯ વર્ષની વય ધરાવતા લોકોની સંખ્યા ૩.૮૨ કરોડ (૫૬.૮ ટકા) એ પહોંચી હશે. ચોંકાવનારી બાબત એવી છે કે ગુજરાતમાં માત્ર ૬૭ લાખ (૯.૯ ટકા) લોકોની વય ૬૦ વર્ષ કે તેથી ઉપરની હશે.

**રૂપાણી કેબિનેટનો વિસ્તાર થવાની સંભાવના...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમની કેબિનેટનો વિસ્તાર નવેમ્બરમાં કરે તેવી સંભાવના છે. ડિસેમ્બર ૨૦૧૭માં રૂપાણી સહિત કુલ ૨૦ સભ્યોએ શપથ લીધા પછી કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજી બાવળિયાને રાજીનામું અપાવીને રૂપાણીએ તેમને કેબિનેટ મંત્રીના શપથ લેવડાવ્યા હતા. આ તેમનું પહેલું વિસ્તરણ હતું જેમાં માત્ર એક સભ્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ તેમની સરકારનું બીજું વિસ્તરણ ત્યારે કર્યુ હતું જ્યારે કોંગ્રેસના ધારાસભ્યો જવાહર ચાવડા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ભાજપમાં પ્રવેશ કર્યો હતો. આ બન્ને સભ્યો ચૂંટણી જીતી જતાં તેઓ મંત્રીપદે યથાવત રહ્યાં છે. ગયા માર્ચ મહિનામાં થયેલા વિસ્તરણ સમયે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે ‘‘ભાજપની સરકારનું આ બીજું વિસ્તરણ છે. હજી જરૂર પડશે તો કેબિનેટનું વિસ્તરણ કરાશે, કેમ કે હજી ચાર નવા સભ્યોનો સમાવેશ થઈ શકે તેમ છે.’’ રાજભવનમાં યોજાયેલી શપથવિધિમાં નાયબ મુખ્યમંત્રીના આ વિધાનની અસર ભાજપના અસંતુષ્ટ ધારાસભ્યો પર થઈ હતી. રૂપાણી સરકારમાં હાલ તેમની સાથે કુલ ૨૩ સભ્યો છે. હવે તેઓ વિધાનસભાની પેટા ચૂંટણી પછી કેબિનેટનું જે વિસ્તરણ કરી રહી છે તેમાં કોંગ્રેસના આયાતી સભ્યોનો ફરી એકવાર સમાવેશ થવાની સંભાવના છે. રૂપાણીએ એક સમારોહમાં કહ્યું હતું કે ‘‘કેબિનેટનો વિસ્તાર કરવાની જરૂરિયાત છે પરંતુ ઉતાવળ નથી.’’

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**ભાજપને ચૂંટણીમાં હારનો ડર રહ્યો નથી...**

ગુજરાતમાં ભાજપને કોઈપણ ચૂંટણીમાં હારનો ડર રહ્યો નથી. ભાજપ ડરતી નથી પણ ડરાવે છે તેવું કોંગ્રેસના એક આગેવાને ટીખળ કરતાં કહ્યું હતું. તેમની વાત પણ સાચી છે. ભાજપના રાષ્ટ્રીય નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો કોંગ્રેસને ડર લાગે છે. ભાજપના એક સંનિષ્ઠ નેતાએ કહ્યું હતું કે-- પાર્ટીની રાષ્ટ્રીય નેતાગીરીએ એવી સૂચના આપી છે કે ચૂંટણી લડો પણ હારથી ડરશો નહીં. અગર આપણો ઉમેદવાર હારી જશે તો જીતેલા ઉમેદવારને આપણો બનાવી દેતાં વાર નહીં લાગે. છે. ભારતનું રાજકારણ બદલાયું છે જેની શરૂઆત ગુજરાતથી થઈ છે. કોંગ્રેસના ચૂંટણી જીતેલા ઉમેદવારોને રાજીનામું અપાવીને ભાજપમાં સુપ્રીમ પદ આપવાનો સિલસિલો શરૂ થયો છે. ૨૦૧૭ની વિધાનસભામાં ઓછી બેઠકો મળવાથી ભાજપને ગુસ્સો આવે છે તેથી પાર્ટીના સિનિયર નેતાઓએ કોંગ્રેસના ધારાસભ્યોને રાજીનામાં અપાવીને ભાજપમાં પ્રવેશ કરાવ્યો છે. રાજ્યમાં પેટા ચૂંટણીની છ બેઠકો જો ભાજપ જીતી જશે તો ભાજપની વિધાનસભામાં સભ્યસંખ્યા વધીને ૧૦૬ થશે. કોંગ્રેસનું નેટવર્ક પણ કમાલનું છે. પાર્ટીના સિનિયર લિડરો તેમના ધારાસભ્યોને બચાવવા કરતાં તેઓ ભાજપમાં જતા રહે તેવું ઈચ્છતા હોય તેવો વ્યવહાર કરી રહ્યાં છે જે પાર્ટી માટે ખતરાની ઘંટી છે.

## એગ્રી સમિટ કરી ઉદ્યોગોને કહો કે, ખેતીમાં રૂપિયા રોકે અને ખેડૂતોને બે પાંદડે કરે

**બાબા રામદેવનો બેન્ક ટેક્સ ક્યાં ગયો? ...**

લોકસભાની ચૂંટણી વખતે યોગગુરૂ બાબા રામદેવ તેમજ ભાજપના સિનિયર નેતા યશવંતસિંહા ઉછળી ઉછળીને કહેતા હતા કે ભારતમાંથી ઈન્કમટેક્સ, સર્વિસ ટેક્સ અને એક્સાઈઝ ટેક્સ જેવા તમામ કર નાબૂદ કરીને માત્ર એક જ બેન્કીંગ ટ્રાન્ઝેકશન ટેક્સ- ૠ લેવો જોઈએ. એ સમયે ચૂંટણી હોવાથી ભાજપના ટોચના નેતાઓએ આવા સૂચનને સ્વિકાર્યુ હતું પરંતુ સત્તા હાથમાં આવતા જ ટેક્સ ઘટાડવાની જગ્યાએ વધારવામાં આવી રહ્યા છે. નોટબંધી અને જીએસટીના કારણે વેપારી વર્ગની કમર તૂટી ગઈ છે. બેન્કોની લોનના હપ્તા અને સરકારી ટેક્સ ચૂકવીને લોકો કંગાળ થતાં જાય છે. મોદી હૈ તો મૂમકીન હૈ તેવું જાહેરમાં કહેતા બાબા રામદેવ હવે સરકારને બેન્ક ટ્રાન્ઝક્શન ટેક્સ યાદ કરાવતા નથી. લોકોને અંધારી રાત્રે લાઈટ બતાવીને વીજળીનો પ્લગ ખેંચી લેવો તેનું નામ રાજનીતિ છે. રાજકીય નેતાઓ ક્યારે શું બોલે અને ક્યારે શું કરે તે કંઈ કહેવાય નહીં. બાબા રામદેવનું પણ એવું જ છે. કોંગ્રેસને ચૂંટણી સમયે બદનામ કર્યા પછી હવે તેમની બોલતી બંધ થઈ ગઈ છે. અન્ના હજારેનું એ આંદોલન કોંગ્રેસને તોડવાનું હતું અને ભાજપને લાવવાનું હતું તે સિદ્ધ થયું છે.

**જે પાર્ટીની સરકાર હોય તે પાર્ટી માટે વંદન...**

ગુજરાતમાં જે પાર્ટીની સરકાર હોય તે પાર્ટીની ભક્તિ કરવા સૌ કોઈ લાગી જાય છે. સરકારી ઓફિસરો અને કર્મચારીઓને રાજકીય પાર્ટી સાથે કોઈ લેવાદેવા હોતી નથી છતાં પાર્ટી માટે કામ કરવું પડે છે. જો કામ ના કરે તો તેના સીઆર ખરાબ થાય છે. ચાલુ નોકરીએ ટેન્શન વધે છે અને પછી તે ઓફિસરને દવાના ડોઝ લેવા પડે છે. કોંગ્રેસની સરકાર વખતે ઓફિસરો પાર્ટીમય બની ચૂક્યા હતા. આ જ ઓફિસરો ૧૮ વર્ષથી મોદીમય અને ભાજપમય બની ચૂક્યાં છે.

જો કે એક બાબતનો ફર્ક છે કે રાજયના ઓફિસરો અને કર્મચારીઓએ જેટલું કામ નરેન્દ્ર મોદી માટે કર્યુ છે તેટલું કામ વિજય રૂપાણી માટે થયું નથી. એક સિનિયર ઓફિસરે કહ્યું હતું કે-- વર્ષોથી ચાલતી આવતી આ પરંપરામાં હવે હદ થાય છે. સરકારમાં કેટલાક ઓફિસરો ભક્તિના સિમાડા વટાવી ચૂક્યા છે અને સરકારી નોકરીની મર્યાદા સાથે નિતી-નિયમોને ભૂલી રહ્યાં છે. ખોટા કામોને પણ સાચા કરાવવાની આવડતવાળા નેતાઓ સાથે ભળીને ભાજપની ભક્તિમાં લિન્ન બન્યાં છે. મોદીના શાસન સમયે સચિવાલયમાં આવવાનો સમય નિશ્ચિત હતો પરંતુ જવાનો સમય નક્કી ન હતો. ગંભીરતા તો એવી છે કે ચૂંટણી સમયે કેટલાક કર્મચારીઓ એજન્ડા સાથે ડ્યુટી પર હોય છે.

**લોકોના દિલમાં ઉતરો તો શાસન મળશે...**

ગુજરાતની જનતા કોંગ્રેસ પ્રત્યે આટલી નફરત કેમ કરે છે એવો પ્રશ્ન પાર્ટીના સિનિયર લિડરોને થાય છે પણ તેનો હલ મળતો નથી. ભાજપની હવે પછીની સરકારો એવું માને છે કે પાર્ટીની સરકાર હકીકતમાં ૨૦૦૧ પછી આવી છે. વાત જ્યારે વિકાસની આવે છે ત્યારે અગાઉની ભાજપની સરકારોની ગણતરી થતી નથી. રાજ્યમાં ૨૦૦૧ થી ૨૦૧૯ના ૧૮ વર્ષ દરમ્યાન નરેન્દ્ર મોદી, આનંદીબહેન પટેલ અને વિજય રૂપાણીએ ગુજરાતની શાસનધુરા સંભાળી છે. આટલા બધાં વર્ષો શાસન કેમ રહ્યું છે તેવા પ્રશ્નનો સીધો જવાબ છે કે ગુજરાતના લોકોને મોદી ગમે છે. મોદીનું શાસન પસંદ છે. ભાજપના શાસન સામે વિરોધ નથી. પાર્ટીના નેતાઓને લોકોની સહાનુભૂતી છે. રહી વાત કોંગ્રેસની તો, પાર્ટીમાં લોકપ્રિય લિડરો

## ભાજપને ચૂંટણીમાં હારનો ડર નથી કેમ કે વિપક્ષ કોંગ્રેસ દિવાલ કૂદવા તૈયાર છે

રહ્યાં નથી. આખા ગુજરાતની ૬.૨૫ કરોડની જનતાના દિલમાં વસી જાય તેવો એકપણ લિડર કોંગ્રેસને આટલા વર્ષોમાં મળ્યો નથી. મૂળભૂત રીતે કોંગ્રેસમાં જોડાયેલા અને મૃત્યુ પર્યંત પાર્ટીને વફાદાર રહેવા માગતા એક સિનિયર ઓફિસ કાર્યકર્તાએ કહ્યું હતું કે—અમારી પાર્ટીના નેતાઓએ રાજ્યમાં લોકોનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરવાની જરૂર છે. પાર્ટીને નરેન્દ્ર મોદી જેવા તેજાબી વક્તાની જરૂર છે. શાસન કરવા નહીં મળે તો ચાલશે પરંતુ પાર્ટી અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવી શકે સ્ટેટેજી જોઈએ છે. હું પાર્ટીના પ્રદેશ નેતાઓને કહેવા માગું છું કે, લોકોના દિલમાં ઉતરવાથી શાસન મળશે, મોદીને ભાંડવાથી શાસન તો શું વિપક્ષની ખુરશી પણ નહીં મળે.

**રૂપાણીને કહો, હવે વાયબ્રન્ટ એગ્રી સમિટ કરે...**

ગુજરાત સરકારે નવ-નવ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ થકી ઉદ્યોગોના વાવેતર કરી દીધાં છે. સરકારે વીજળીના વાવેતર પણ બહું કર્યા છે. ઉદ્યોગો માટે આપવાની થતી હતી એટલી જમીન આપી દીધી છે. જેટલા પાવરપ્લાન્ટ ઉભા કરવાના થતા હતા તે કરી દીધા છે, હવે બાકી બચેલી કઈ જમીનમાં શું વાવવાનું છે અને તેમાં સરકાર શું સહાય આપશે તે વિચારવાનો સમય આવી ગયો છે. ખેડૂતોના પાક નિષ્ફળ ન જાય તે માટે તેમજ એગ્રીકલ્ચરમાં મૂડીરોકાણ વધે તે હેતુથી વાયબ્રન્ટ એગ્રીકલ્ચર સમિટ ઉપર ભાર મૂકવો પડશે. એગ્રી વાયબ્રન્ટ એટલે માત્ર એગ્રીટેક એક્ઝિબિશન જ નહીં, ખેડૂતોના ખેતરમાં રૂપિયા રોકાવાના આમંત્રણ આપવા પડશે, જો તેમ થશે તો રાજ્યમાં ખેડૂતોના આપઘાતના બનાવો ઘટશે. મોદીએ તેમના શાસનની છેલ્લી વાયબ્રન્ટ સમિટમાં એવી જાહેરાત કરી હતી કે રાજ્યમાં બે વર્ષે એકવાર ઉદ્યોગો માટે વાયબ્રન્ટ સમિટ થાય છે પરંતુ હવે બે વર્ષે એકવાર વાયબ્રન્ટ એગ્રી સમિટ કરાશે. મોદીએ ઉદ્યોગો માટેની સમિટ પછી એગ્રી સમિટ કરી પણ ખરી પરંતુ છેલ્લા ચાર વર્ષથી સરકાર વાયબ્રન્ટ એગ્રીકલ્ચર સમિટ ભૂલી ગઈ છે. મોદીએ જાહેર કરેલી વાયબ્રન્ટ એગ્રીકલ્ચર સમિટ દર બે વર્ષે એકવાર થશે ત્યારે રાજ્યના ખેડૂતોને રૂપિયા કમાવવાની સાચી દિશા મળશે. કહેવાય છે કે, ખેડૂત અને ઉદ્યોગપતિઓ સાથે મળી જાય તો રાજ્યનો વિકાસ કોઈ પરિબળ રોકી શકે નહીં.